પ્રતિ ક. જીયુવીએનએલ -ટેક- એસપીટી-એજી-ચેન્જ-૭૮૧, તા. ૧૩.૩.૧૨.

મેનેજીંગ ડીરેકટરશ્રી

મધ્ય / દક્ષિણ / ઉત્તર / પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી

કોર્પોરેટ આફિસ - વડોદરા - સુરત - મહેસાણા - રાજકોટ

વિષય - બદલાયેલી પરિસ્થિતિમાં કૃષિ વિષય અરજીઓની કામગીરી બાબત માર્ગદશીકા.

વીજ વિતરણ કંપનીઓની ક્ષેત્રીય કચેરીઓમાં કૃષિ વિષયક અરજીઓ પડતર રહેવાના કારણે, અરજદારને તેમની અરજીની નોંધણીની તારીખથી લાંબા સમય સુધી પ્રતિક્ષા કરવી પડતી હોય છે, આ સંજોગોમા લાંબી પ્રતિક્ષા સમયના કારણે કેટલાક કિસ્સાઓ જેમ કે, પાણીના અભાવના કારણે મૂળ માંગણીથી અન્ય સર્વે નંબરમાં વીજ જોડાણ મેળવવા અથવા મૃત અરજદારના વારસો - કે માલિકી બદલાવાના કારણે નવા જમીન માલીકો વીજ જોડાણ મેળવવા ઇચ્છુક હોય છે.

આ અંગે પૂર્વ જીઇબીમાં તા. ૧૮.૬.૧૯૯૬ના પત્રાંક - ઓએમઆર-જીઇએન-૧૫૫૬ થી એકજ ગામમાં નોંધાયેલ પડતર અરજીઓના સ્થળ ફેર માટે માર્ગદર્શન આપવામાં આવેલ. માર્ગદર્શન પ્રમાણે ચોકકસ સંજોગોમા કૃષિ માટે નોંધાયેલ અરજીઓને સ્થળ ફેર માટે પરવાનગી આપવામા આવતી.

કૃષિ માટે નોંધાયેલ અરજીઓના સમયગાળાને લક્ષમાં લઇને તમામ વીજ વિતરણ કંપનીઓમાં આ સબબ સમાન પ્રક્રિયા હોવી જરુરી બનેલ છે. કેટલાક કિસ્સાઓમાં વિવિધ કારણોસર વીજ જોડાણ અન્ય ગામમા ફેરવવા માટે અરજદાર જુદા જુદા ફોરમ સહિત મા.ગુજરાત વીજ નિયમન પંચનો સંપર્ક કરતા હોવાનુ પણ જણાયેલ છે.

ક્ષેત્રીય કચેરીઓ ખાતે આ માટે સમાન પ્રક્રિયા જરુરી બનાવવા માટે પૂર્વ જીઇબીના સદર પરિપત્રમા સુધારણા કરવાનુ નકકી કરેલ છે. નવા માર્ગદર્શનમા નીચે પ્રમાણે જોગવાઇઓ છે.

૧) સબડીવીઝનના કાર્યક્ષેત્રમા સ્થળ ફેર કરવાની પરવાનગી આપવી.

અરજદાર એક જ ગામમા કે અન્ય ગામમાં, પણ સબડીવીઝનના કાર્યક્ષેત્રમા સ્થળ ફેરની માંગણી કરે તો એ સબબની કામગીરી નવા માંગણીવાળા સ્થળે કરવી. ( એ સબડીવીઝન કે જયા અરજીની નોંધણી કરાવેલ હોય અને ત્યાં અરજી પડતર હોય) અંદાજપત્ર માટે અરજદારનો મૂળ અગ્રતાક્રમ જાળવવો.

૨) જે કિસ્સામાં અરજદાર અંદાજપત્ર ભરાયા બાદ પણ કામગીરી શરુ થતાં પહેલા સબડીવીઝનના કાર્યક્ષેત્રમા સ્થળ ફેરની માગણી કરતો હોય - તો જરૂરિયાત મુજબ વધારાની વસુલાત કરી, જરુરી દસ્તાવેજોની પૂર્તતા બાદ જ કરી શકાય. સદર માંગણી જૂથ માટે ગ્રાહય રાખી શકાય નહીં. નવા કરાર સાથેની તમામ ઔપચારીકતાઓ વીજ વિતરણ કંપનીના નિયમાનુસાર પુરી કરવાની રહેશે. નવા સ્થળે કામગીરી માટેની અગ્રતા યાદી વીજ જોડાણના પ્રકાર પ્રમાણે રહેશે.

3) મરણ પામેલ અરજદારના કાયદેસરના વારસને અંદાજપત્ર આપતા પહેલા વીજ જોડાણ આપવા બાબત.

મરણ પામેલ અરજદારના કાયદેસરના વારસને જરૂરી પૂરાવા, મરણનો દાખલો તથા અન્ય વારસદારોની સંમતિ બાદ બીજા સ્થળે એજ ગામમા એ જ સબડીવીઝનના કાર્યક્ષેત્રમા વીજ જોડાણ આપી શકાય. ( એ સબડીવીઝન કે જયા અરજીની નોંધણી કરાવેલ હોય અને ત્યાં અરજી પડતર હોય) નોંધણી ફી, જરૂરી દસ્તાવેજો અને અન્ય ઔપચારીકતાઓ અરજદારના વારસદારોએ પૂર્ણ કરવાની રહેશે. વારસદારો માટે મૃત અરજદારનો અગ્રતાક્રમ જાળવવાનો રહેશે.

૪) અંદાજપત્ર ભરાયા બાદ પણ વીજ વિતરણ કંપની સાથે કરાર કરતા પહેલા અરજદારો મરણ પામે તો.

કાયદેસરના વારસદારને એ જ ગામમા માંગણીની જગ્યામાં ઉપર મુદા- ૩ મા જણાવેલ દસ્તાવેજો રજૂ કર્યા બાદ, નામ ફેરમા કરવામાં આવે છે એ પ્રમાણે કાયદેસરના વારસદારો પાસેથી નવી અરજી સ્વીકારી, જરૂરી કરારનામા કરી વીજ જોડાણ આપી શકાય.

૫) અંદાજપત્ર આપતાં પહેલા જમીન ખરીદનાર નવા માલીક વીજ જોડાણ માંગી શકે છે. મૂળ અરજદારની સંમતિ બાદ જરૂરી ઔપચારીકતાઓ પુરી કરી જેમકે નોંધણી ફી - રેવન્યુ રેકોર્ડની એન્ટ્રી - તથા અન્ય માલીકીના માટેના જરૂરી દસ્તાવેજો મેળવ્યા બાદ વીજ જોડાણ આપી શકાય. મૂળ અરજદારની અગ્રતાયાદી પ્રમાણે નવા માલીકના વીજ જોડાણની કામગીરી કરવાની રહેશે. (અગ્રતા ક્રમ બદલાશે નહી.)

આ માર્ગદર્શક સીધ્ધંન્તો ને ધ્યાને રાખીને સબંધિત સત્તાધીશો પડતર અરજીઓનો નિકાલ કરવાનો રહેશે. ક્ષેત્રીય કચેરીઓને પુનઃ સલાહ આપવામાં આવે છે કે ઉપર જણાવેલ બાબતો માટે નવા અરજદારનુ નામ રજીસ્ટરમા જુના અરજદારના નામ નીચે, નોંધના ખાનામા જરૂરી ટીપણી કરીને નોંધવાનુ રહેશે.

પૂર્વ જીઇબીના તા ૧૮.૬.૧૯૯૬ના પત્રાંક - ઓએમઆર-જીઇએન-૧૫૫૬ થી આપેલ માર્ગ દર્શન આ સાથે રદ કરવામાં આવે છે.

( બી બી ચૌહાણ)

કા.વા. મુખ્ય ઇજનેર (ટેક)

નકલ રવાના

૧- અગ્રસચિવશ્રી - ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ સચિવાલય ગાંધીનગર.

૨ મેનેજીંગ ડીરેકટરશ્રી જીયુવીએનએલ વડોદરા

૩- સચિવશ્રી ગુજરાત વીજ નિયમન પંચ અમદાવાદ

૪- એકઝીકયુટીવ ડાયરેકટરશ્રી (ફાઇનાન્સ) જીયુવીએનએલ વડોદરા

૫- એજીએમ - આઇટી જીયુવીએનએલ વડોદરા.

૬- અધિક્ષક ઇજનેર (લાયઝન) સચિવાલય ગાંધીનગર.